R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2021-23valid up to 31-12-2023. Licensed to post without pre-payment WPP No. PMG/NG/062/2023 valid upto 31-12-2023 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૪૫ ● તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૩ ● અંક નં. ૨૬

# રોજગાર સમાચાર

તંત્રી : ધીરજ પારેખ

સહતંત્રી : અરવિંદ આર. પટેલ ● કાર્યવાહક તંત્રી : પુલક ત્રિવેદી ● સંપાદક : ઉર્વિ રાવલ, મનીષા વાઘેલા ● સહસંપાદક : ભેલા મહેતા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ + ૩૦/- છે. માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ઉપરાંત રાજ્યની કોઈપણ કોમ્પ્યૂટરાઇઝ પોસ્ટઓફિસમાં (સર્વિસ ચાર્જ સાથે) તથા જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ લવાજમ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબસાઇટ : www.gujaratinformation.gujarat.gov.in www.faceboko.com/gujaratinformation.official Phone No. : 079-232-53440

વેબસાઇટ : www.gujaratinformation.gujarat.gov.in ઉપરથી ગુજરાત રોજગાર સમાચારનો અંક નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાશે.

# ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. : ગાંધીનગર

**મદદનીશ ઇજનેર (સિવિલ) વર્ગ-૩ ની કાયમી જગ્યા પર ભરતી માટે અગત્યની વિગતવારની સુચનાઓ**

(૧) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. માટે મદદનીશ ઇજનેર (સિવિલ) સંવર્ગની નવી કુલ:૨૬ (છવીસ) જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે આ જાહેરાત પ્રસિધ્ધ કરેલ છે તેમજ ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ ભરતી પ્રક્રિયા નિગમની હાલની ખાલી રહેલ ૨૬ (છવીસ) જગ્યાને ધ્યાને લઇ આ જગ્યા માટે લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ સરકારશ્રીની https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૨૬/૦૭/૨૦૨૩ (બપોરના ૧ કલાક) થી તા.૧૦/૦૮/૨૦૨૩ (૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઇન જઇ "ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. જાહેરાત" ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી પુરી કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. હાલ કોઇ પણ ઉમેદવારોએ કચેરીમાં ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૨) ઉમેદવારે સ્વયં અથવા ઇન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટાની ઇમેજ ૧૫ KB અને સીગ્નેચરની ઇમેજ ૧૫ KB સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

(૩) આ ભરતી માટે નીચે જણાવ્યા મુજબની કુલ-૨૬ સિવિલ ઇજનેર જગ્યાઓ ભરવામાં આવનાર છે. આ જગ્યાઓ સમગ્ર ગુજરાતમાં નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રોજેક્ટ માટે રહેશે.

| કેટેગરી | કુલ ભરવાની જગ્યા | જે પૈકી મહિલા માટે આરક્ષિત |
|---|---|---|
| જનરલ | ૧૧ | ૬ |
| અનુસૂચિત જાતિ (SC) | ૨ | ૧ |
| અનુસૂચિત જનજાતિ (ST) | ૩ | ૧ |
| સામાજિક અને આર્થિક પછાત વર્ગ (SEBC) | ૮ | ૩ |
| આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | ૨ | ૧ |
| કુલ | ૨૬ | ૧૨ |

ઉપરોક્ત કુલ ભરવાની જગ્યાઓ પૈકી કુલ-૦૨ જગ્યા માજી-સૈનિક માટે અનામત રાખવામાં આવશે.

(૪) **અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો, મહિલા ઉમેદવારો તથા માજી સૈનિક ઉમેદવારો માટેની સામાન્ય જોગવાઈઓ:-**

(૪.૧) ભરતીનાં તમામ જરૂરી પ્રમાણપત્રો તા.૧૦.૦૮.૨૦૨૩નાં રોજ માન્ય હોવા જોઇએ.

(૪.૨) અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચુક આપવી.

(૪.૩) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ પ્રમાણપત્રની ચકાસણી સમયે રજુ કરવાની રહેશે.

(૪.૪) જેમાં સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ તે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૬.૦૪.૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગના (Non Creamy Layer)ની અવધી (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ વર્ષની રહેશે. જેથી **બિન ઉન્નત વર્ગ (Non Creamy Layer)નું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૨૧ બાદનાં સમયગાળામાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ.** આ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(૪.૫) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫.૦૧.૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ઈ.ડબ્લ્યુ.એસ. / ૧૨૨૦૧૯ / ૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુનામાં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવુ જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહી.

(૪.૬) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૧.૧૧.૨૦૧૪ નાં ઠરાવ ક્રમાંક સીઆરઆર /૧૦૯૬/ ૨૨૧૩ /ગ-૨ (ભાગ-૧) ની જોગવાઈ મુજબ મહિલા ઉમેદવારો માટે અનામતની જોગવાઇ લાગુ પડશે. મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ પર સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેવું ગણવાનું નથી. આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી પુરૂષ માટે ઠરાવેલ મેરીટના ધોરણે વિચારણા થઇ શકે છે. આ જાહેરાત અન્વયે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકશે.

સબંધિત કેટેગરી માટેની આખરી પસંદગી યાદી તૈયાર કરતી વખતે મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી ના (GENERAL, EWS,SC, ST, SEBC) પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨.૦૯.૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૩/ગ-૨ થી નક્કી કરવામાં આવેલ મહિલા અનામત જગ્યાઓ માટેની કાર્ય પધ્ધતિ ધ્યાને લઈ મહિલા અનામતની જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

(૪.૭) **માજી સૈનિક (Ex-Serviceman) ઉમેદવારો માટે:-**

I. સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૨.૦૧.૨૦૧૮નાં ઠરાવની જોગવાઇઓ ધ્યાને લઈ લાયકાત ધરાવતા માજી સૈનિક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

II. ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ. માજી સૈનિક ઉમેદવારોએ(Ex-Serviceman) અરજીપત્રકમાં તથા પરિશિષ્ટમાં માજી સૈનિક (Ex-Serviceman) તરીકે ફરજ બજાવ્યાના સમયગાળાની વિગતો આપવાની રહેશે. માજી સૈનિક ઉમેદવારે નિયત નમુના મુજબનું અધિકૃત અધિકારીની સહીવાળું, સશસ્ત્રદળોમાં ઉમેદવારના નોકરીના સમયગાળા દર્શાવતું પ્રમાણપત્ર નિગમ દ્વારા માંગણી થયેથી રજુ કરવાનું રહેશે. જો

➔

➔ ઉમેદવારે તેની ઓનલાઈન અરજીમાં માજી સૈનિક કેટેગરીમાં ક્લીક કરેલ હોય અને ભવિષ્યમાં નિગમ દ્વારા માંગણી કરાય ત્યારે જો ઉમેદવાર માજી સૈનિક તરીકેના અધિકૃત આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ઉમેદવારનો માજી સૈનિક તરીકે નોકરી મેળવવા અંગેનો હક્ક દાવો ધ્યાને લેવામાં આવશે નહી અને માજી સૈનિક માટે ઠરાવેલ મેરીટ અન્વયે પસંદગી થયેલ હશે તો પસંદગી/નિમણૂંક રદ કરવામાં આવશે.

III. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી GENERAL, EWS,SC,ST,SEBC સામે સરભર કરવામાં આવશે.

IV. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

V. ઉમેદવારે પોતે સૈનિક તરીકે સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની હાલની ઉંમર બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં, પરંતુ કોઇ પણ સંજોગોમાં માજી સૈનિકની ઉંમર ૪૫ વર્ષ કરતા વધવી જોઈએ નહીં.

VI. માજી સૈનિકોને જે તે સંવર્ગની જગ્યા માટે જાહેરાતમાં માંગેલ શૈક્ષણિક લાયકાતમાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર થશે નહી. તે જ પ્રકારે જાહેરાતમાં જણાવેલ અનુભવમાં કોઇ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર થશે નહીં.

VII. લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થયા બાદ તેઓ પસંદ થાય તો તેઓની પસંદગી સમયે તેઓને અગ્રતા આપી શકાશે અને પસંદગીના માપદંડમાં છૂટછાટ આપી શકાશે.

| પુરૂષ ઉમેદવાર | | | મહિલા ઉમેદવાર | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | વય મર્યાદા | ક્રમ | વિગત | વય મર્યાદા |
| ૧ | સામાન્ય વર્ગ/EWS | તા.૧૦/૦૮/૧૯૮૭ થી તા.૧૦/૦૮/૧૯૯૮ સુધી (ઓછામાં ઓછા ૨૫ વર્ષ વધૂમાં વધુ ૩૬ વર્ષ સુધી) | ૧ | સામાન્ય વર્ગ/ EWS | તા.૧૦/૦૮/૧૯૮૨ થી ૧૦/૦૮/૧૯૯૮ સુધી (ઓછામાં ઓછા ૨૫ વર્ષ વધૂમાં વધુ ૪૧ વર્ષ સુધી) |
| ૨ | SC/ST/SEBC | તા. ૧૦/૦૮/૧૯૮૨ થી ૧૦/૦૮/૧૯૯૮ સુધી (ઓછામાં ઓછા ૨૫ વર્ષ વધૂમાં વધુ ૪૧ વર્ષ સુધી) | ૨ | SC/ST/SEBC | તા ૧૦/૦૮/૧૯૭૮ થી ૧૦/૦૮/૧૯૯૮ સુધી (ઓછામાં ઓછા ૨૫ વર્ષ વધૂમાં વધુ ૪૫ વર્ષ સુધી) |
| 3 | માજી સૈનિક (Ex- service Man) | તેમની વયમર્યાદામાં સૈન્યમાં આપેલ સેવા ઉપરાંત ૩ વર્ષની છૂટ | 3 | માજી સૈનિક (Ex- service Man) | તેમની વયમર્યાદામાં સૈન્યમાં આપેલ સેવા ઉપરાંત ૩ વર્ષની છૂટ |

નોંધ: ઉપરોકત વય-મર્યાદા તા.૧૦/૦૮/૨૦૨૩ની સ્થિતિએ ગણવાની રહેશે.

(૬) **શૈક્ષણિક લાયકાત** : માન્ય યુનિવર્સિટીમાંથી Bachelor of Engineering/B.Tech in Civil ની પદવી (ઓછામાં ઓછા પ્રથમ વર્ગ મેળવેલ હોવો જોઇએ)

(૭) **અનુભવ**: સ્નાતકની પદવી મેળવ્યા પછીનો બાંધકામના પ્રોજેકટની સાઇટ પર કામ કરવાનો ઓછામાં ઓછો ૦૨ વર્ષ અને તેથી વધુ અનુભવ હોય તેવા ઉમેદવાર જ અરજી કરી શકે છે. સંબંધિત ઉમેદવારને તા.૧૦/૦૮/૨૦૨૩ના રોજ ૦૨ વર્ષનો અનુભવ પૂર્ણ થયેલ હોવો જરૂરી છે.

(૮) **પરીક્ષા**: મદદનીશ ઇજનેરની ૨૬ જગ્યા માટે પરીક્ષા લેવામાં આવશે તેમા અભ્યાસક્રમની માહિતી નીચે મુજબ છે.

| અભ્યાસક્રમ | કુલ પ્રશ્નો | કુલ ગુણ | માધ્યમ | સમય |
|---|---|---|---|---|
| સામાન્ય અભ્યાસ | ૫૦ | ૧૫૦ | ગુજરાતી | ૧૨૦ મીનીટ |
| સિવિલ ઇજનેર | ૧૦૦ | ૩૦૦ | અંગ્રેજી | |
| કુલ | ૧૫૦ | ૪૫૦ | | |

- પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક સત્તાધિકારી દ્વારા નાણા વિભાગનાં તા.૨૮/૦૩/૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૩)/ઝ-૧ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન રહીને આ જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષનાં અંતે તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયનાં સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમાનુસાર નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

**અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ** :

- તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી કરી શકાશે. જ્યાં ઇન્ટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રિન્ટર સાથે) ઉપલબ્ધ હોય તેવા કોઇપણ સ્થળે સાયબર કાફે અથવા ઇ-ગ્રામ પંચાયતમાં અથવા પોતાના રહેઠાણ/ઓફીસમાંથી ઉમેદવારો ઓનલાઇન અરજી કરી શકશે.
- લાયકાતો ધરાવતા ઉમેદવારોએ ઉપરોકત જગ્યા માટે એક જ અરજી પત્રક ભરવાનું રહેશે.
- અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.
- ઓનલાઇન અરજી કન્ફર્મ કરીને અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.
- અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા નંબર (૧૯) માં આપેલ સુચના અનુસાર પરીક્ષા ફી ફકત ઓનલાઈન ભરી શકાશે.

**પરીક્ષા ફી**:

- બિન-અનામત સંવર્ગના ઉમેદવારોએ રૂા.૨૦૦/- (Non -Refundable) લેખે ફી ભરવાની રહેશે તથા રૂા.૭૦૦/- ડીપોઝીટ પેટે અલગથી ભરવાના રહેશે. જે ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહેશે તેઓને ડીપોઝીટ પેટે ભરેલ રકમ રૂા.૭૦૦/- પરત કરવામાં આવશે. ફી ઉપરાંત લાગુ પડતા ચાર્જીસ અલગથી ભરવાનાં રહેશે.
- અનામત સંવર્ગ (SC/ST/EWS/SEBC) તથા માજી સૈનીકો નાં ઉમેદવારોએ રાજય સરકારશ્રીના નિયમોનુસાર પરીક્ષા ફી રૂ.૨૦૦/- (Non -Refundable) ભરવાની રહેશે નહીં પરંતુ ડીપોઝીટ પેટે રૂા.૭૦૦/- ભરવાનાં રહેશે. ફી ઉપરાંત લાગુ પડતા ચાર્જીસ અલગથી ભરવાનાં રહેશે.
- જે ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહેશે તેઓને જ ડીપોઝીટ પેટે ભરેલ રકમ રૂા.૭૦૦/- પરત કરવામાં આવશે અન્યથા રીફંડ કરવામાં આવશે નહી.
- જરૂરી ફી ઓનલાઈન પેમેન્ટ મોડથી જ ભરવાની રહેશે અન્ય કોઈ પેમેન્ટ મોડ માન્ય ગણાશે નહીં. ઉમેદવાર ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ATM-DEBIT CARD/CREDIT CARD/ NET NBANKING/UPI થી પરીક્ષા ફી ભરી શકાશે.
- ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૧૨/૦૮/૨૦૨૩ (રાત્રીનાં ૨૩:૫૯ સુધી) છે.
- ફી ભર્યા બાદ રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી. તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

**ગેરવર્તણુક અંગે દોષિત ઠરેલ વિરૂદ્ધ પગલાં**

- નિગમ જે કોઈ ઉમેદવારને -

૧. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નિગમના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી/ કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,

૨. બીજાનું નામ ધારણ કરવા માટે,

૩. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

૪. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,

૫. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

૬. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,

૭. પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરીરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચારવા માટે,

૮. લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભત્સ બાબતો સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે

૯. ઓ.એમ.આર. ઉત્તરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઈપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિન્હ કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,

# INDIAN INSTITUTE OF TECHNOLOGY DELHI
# HAUZ KHAS, NEW DELHI - 110016

## ADVERTISEMENT FOR THE POST OF ASSISTANT LIBRARIAN

Applications are invited from Indian Nationals for the following post in the Central Library of the Institute.

| POST | UR | TOTAL | PAY MATRIX (As Per 7th CPC) |
|---|---|---|---|
| Assistant Librarian | 1 | 1 | Academic Pay Level - 10 (Rs. 57,700 - 1,82,400) |

**ESSENTIAL QUALIFICATION AND EXPERIENCE:**

1. A Master's Degree in Library Science, Information Science or Documentation Science or an equivalent professional degree, with at least 55% marks (or an equivalent grade in a point-scale, wherever the grading system is followed).
2. A consistently good academic record, with knowledge of computerization of a library.
3. Besides fulfilling the above qualifications, the candidate must have cleared the National Eligibility Test (NET) conducted by the UGC, CSIR or similar test accredited by the UGC like SLET/SET or who are or have been awarded a Ph.D. Degree in accordance with the University Grants Commission (Minimum Standards and Procedure for award of M. Phil. /Ph.D. Degree) Regulations, 2009 or 2016 and their amendments from time to time as the case may be.

   Provided that the, candidates registered for the Ph.D. degree prior to July 11, 2009, shall be governed by the then existing Ordinances /Bye-laws/ Regulations of the Institutions awarding the degree, and such Ph.D. candidates shall be exempted from the requirement of NET/SLET/SET for recruitment and appointment of Assistant Professor or equivalent positions in Universities/Colleges/ Institutions subject to the fulfillment of the following conditions:-

a) The Ph.D. degree of the candidate has been awarded in regular mode;
b) The Ph.D. thesis has been evaluated by at least two external examiners;
c) Open Ph.D. viva voce of the candidate has been conducted;
d) The candidate has published two research papers from his/her Ph.D. work out of which at least one is in a refereed journal;
e) The candidate has presented at least two papers, based on his/her Ph.D. work in conferences/seminars sponsored/funded/supported by the UGC/ ICSSR/CSIR or any similar agency.

**Note:**

i. The fulfillment of these conditions is to be certified by the Registrar or the Dean (Academic Affairs) of the University concerned.
2. NET/SLET/SET shall also not be required for candidates in such Master's Programmes for which NET/SLET/SET is not conducted by the UGC, CSIR or similar test accredited by the UGC like SLET/SET.

- A mere fulfillment of required minimum qualifications and experience does not entitle a candidate to be called for a test/ interview.
- Age preferably below 45 years.
- The Institute reserves the right to fill or not to fill the posts advertised.
- No correspondence whatsoever will be entertained from the candidates regarding postal delays, conduct and result of the test/interview, and reasons for not being called for interview or selection.
- The candidates called for interview will be paid AC2-Tier by Train / Economy Class by Air or actual expenditure, and AC Taxi by road (from Airport/Railway Station/ISBT and back) fare from their place of residence/work and back by the shortest route within India.
- Persons employed in Government/Semi-Government Organizations or Educational Institutions must apply through the proper channel OR shall provide No Objection Certificate while applying or at the time of the interview.

**HOW TO APPLY:**

- Candidates are requested to use the application form available on the IIT Delhi website **https://home.iitd.ac.in/jobs-iitd/index.php** under the category of "Faculty Positions" named "Assistant Librarian". The application form duly filled in and signed along with self-attested copies of all relevant documents/certificates mentioned in the application form shall be submitted (routed through the employer wherever applicable) to reach the following address on or before **10th August, 2023**
- Candidates employed with Government/Semi-Government Organizations or with Autonomous Bodies must print a copy of the application form and submit the printe version along with the attested copies of the documents through the proper channel at the address given below.

**Address for Correspondence: -**
**Faculty Recruitment Cell**
**2nd floor, MS-207/C-18**
**Main Building**
**Indian Institute of Technology Delhi**
**Hauz Khas, New Delhi-110016, INDIA**
**Telephone : + 9 1-11 -265487 33**
**E-mail: faculty_recruitment@admin.iitd.ac.in**

# National Institute for the Empowerment of Persons with Visual Disabilities (Divyangjan)

(Department of Empowerment of Persons with Disabilities) (Divyangjan)
Ministry of Social Justice & Empowerment, Govt. of India
116, Rajpur Road, Dehradun-248001 Uttarakhand (India)

**Advertisement No. 5-2/2023-0015** **Dated: 20th June, 2023**

Applications are invited from the eligible candidates for filling up the various posts at NIEPVD, Dehradun (Uttarakhand).

| Sl. No. | Name of the Post | Pay Scale and matrix as per 7th CPC | Number of Vacancy UR | EWS | SC | ST | OBC | Divyangjan | Total | Maximum Age as on the last date of application | Mode of Recruitment |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (i) | Lady Medical Officer | Level-10 (56100-1,77,500) | - | - | - | - | 01 | - | 01 | 40 Years | Direct Recruitment |
| (ii) | Steno-grapher | Level-4 (25,500-81,100) | - | - | - | 01 | - | - | 01 | 18-27 Years (Relaxable for Govt. Servant up to 40 years in accordance with instructions, or orders issued by the central government). | Direct Recruitment |

- **The applications duly completed in all respect should reach the Director, NIEPVD 116, Rajpur Road, Dehradun (Uttarakhand)-248001 on or before 21 days of publication of this advertisement in Employment News/ रोजगार समाचार.**

**Note:** For further details, candidates are advised to refer to the detailed advertisement available on the website of NIEPVD, i.e: **www.nivh.gov.in**

**Director, NIEPVD, Dehradun**

**For more details see Employment News Dt. 22 to 28 July-2023**

CBC 38102/12/0018/2324

# Sainik School Imphal

## Corrigendum

The advertisement for the post of **one Driver on regular basis** stands cancelled in toto due to the law and order situation in the state of Manipur, disruption in postal services as well as ban of internet services by the State Govt. The previous advertisement is followed by a fresh advertisement which is enumerated below: -

**(a) Post: Driver (01)**

**(b) Category: - General**

**(c) Age: 18 to 50 years as on 01 Jan 2023.**

**How to apply:** For detailed notification including Application Form, Essential Qualification, reservation criteria, salary, application fee etc, please visit the school's website **ssimphal.nic.in.** The last date of receipt of application **will be 30 days from the date of publication of the advertisement.** The school administration reserves the right to cancel the vacancy due to administrative reason.

**For more details see Employment News Dt. 22 to 28 July-2023**

# कर्मचारी चयन आयोग — Staff Selection Commission

ब्लॉक सं. -12, केंद्रीय कार्यालय परिसर
लोधी रोड, नई दिल्ली-110003

**Block No. 12, CGO Complex**
**Lodhi Road, New Delhi - 110003**

## Stenographer Grade 'C' & 'D' Examination, 2023

## Short Notice

**F. No. HQ-PPII010/1/2023-PP_II-Part (2) (E-5090):** The Staff Selection Commission will hold the **Stenographer Grade 'C' & 'D' Examination, 2023** in the Computer Based Mode for recruitment to the post of **Stenographer Grade 'C' & 'D'.**

**2.** For further details about the recruitment, please refer to the detailed Notice of Examination to be uploaded on the website of the Commission, viz. **https://ssc.nic.in** on **02.08.2023.** Corrigendum/ Addendum/Important Notice, if any, w.r.t. the aforesaid examination shall be issued on the said website only.

# Army Law College, Pune

**Old Pune-Mumbai Highway (NH-4)**
**Saibaba Sewadham, Kanhe, Pune- 412106**
**Phone No: 9168513509, Website: www.alcpune.com**
**An Institution of Army Welfare Education Society (AWES)**
**Affiliated to SPPU and Approved by BCI & Government of Maharashtra**
**(Permanently Non- Aided College)**

## Selection Committee Interview

**1.** Applications are invited for filling up the following full time post at Army Law College, Pune, offering 5 year integrated - B.B.A, LL.B Programme:-

| Post | Eligibility Criteria | No. of Vacancies |
|---|---|---|
| **Principal & Associate Professor of Law** | Minimum Qualification/Eligibility Criteria for appointment of Principal & Associate Professor of Law as prescribed by UGC, Savitribai Phule Pune University and Bar Council of India shall apply. | **01 Post (Open to all)** |

**2.** Candidates shall send applications along with Bio-data and scanned copies of documents related to qualification/work experience by email at **armylawcollegepune@gmail.com.**

**Last date for receipt of applications: 10 September 2023.**

**3. Pay & Allowances:** As per UGC/AWES norms.

**4. How to Apply:** Eligible candidates to send their application on plain paper indicating the post applied for, along with copies of relevant educational qualifications, experience certificates including API/Research Score (self-certified, copy of which will be required to be certified by concerned university by the time of interview), details of Research Publications and two recent passport photographs to reach **Office of THE REGISTRAR, ARMY LAW COLLEGE, PUNE** on the address given above by **10 September 2023.** Sending hard copy of the application by post is mandatory. Only shortlisted candidates will be called for the interview. No TA/DA admissible for the interview.

**Note:- Candidates who applied in response to our Advertisement dated 17 May 2023, need not re-apply.**

# ઉમેદવારો કઈ ઉંમરે અને કેટલા પ્રયત્ને IASની પરીક્ષામાં પાસ થયા તે dataનું વિશ્લેષણ

**પ્રિય પરીક્ષા**
*- વિનોદ અડવાણી*

મિત્રો,

આપણામાંથી ઉચ્ચ સરકારી અધિકારી બનવાનું સપનું કોનું ન હોય!! સરકારની તમામ નીતિઓ બનાવવાનું કામ અને વિવિધ યોજનાઓનો અમલ કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક, નિયામકો, કમિશનરો અને સચિવો કરતા હોય છે. સિવિલ સર્વિસીસ ની પરીક્ષા પ્રમાણમાં ઘણી અઘરી અને ૨-૩ વર્ષ જેટલી ટાઈમ કન્ઝ્યુમીંગ હોય છે. યાદ રાખજો કે IAS થવા માટે કોઈ જાદુઈ છડી, શ્યોર સજેશન, imp, શોર્ટકટ કે કેપ્સુલ ન હોઈ શકે !! બીજું કે જો કોઈનું પોતાનું ધ્યેય આઈએએસ થવાનું હોય તો એનાથી સૌથી મોટું બીજું કોઈ મોટીવેશન કામ કરતું નથી અને જો પોતાની ધગશ, ઈચ્છા અને દ્રઢ મનોબળ ન હોય તો આ લેખ સહિત બહારના તમામ મોટીવેશન પણ નકામા પડે છે.

આપણે જાણીએ છીએ કે, સરકારના વર્ગ એકના અધિકારી હોય કે આઈએએસ અથવા આઈપીએસ હોય તો એ સીધા પ્રજાના કામોમાં પોતાનો સારો ફાળો આપી શકે છે. પરંતુ આઈએએસની પરીક્ષા પાસ કરવી સ્વભાવિક રીતે જ એટલી સહેલી હોતી નથી. આઈએએસ, આઈએફએસ, આઈઆરએસ કે આઈપીએસ થનાર વિદ્યાર્થીઓ આપણી આસપાસના જ હોય છે. એ લોકોને ભગવાને કોઈ જુદી સગવડો કે વધારાની સગવડો આપેલી હોતી નથી. આપણી જેમ જ તેઓ પાસે પણ 24 કલાક હોય છે જેમાં સમયનો મહત્તમ સદુપયોગ કરીને અને આયોજનબદ્ધ રીતે તથા શિસ્ત બદ્ધ રીતે તેમજ concepts clear કરીને, presence of mind રાખીને તથા શાળા-કોલેજ કક્ષાએ મેળવેલી માહિતી અને જ્ઞાનને અમલમાં મૂકીને તેઓ તૈયારી કરે છે અને સફળતા મેળવે છે. કહેવાની જરૂર નથી કે UPSCના નિયમો, પરીક્ષા પદ્ધતિ અને સિલેબસ તથા પ્રશ્નપત્ર તમામ ઉમેદવારો, ગામડાંના કે શહેરના, બધા માટે સરખા હોય છે. એટલે કે વ્યક્તિ વિશેષ નથી પરંતુ એના પ્રયત્નો વિશેષ હોય છે તેથી તે ઉચ્ચ સરકારી હોદ્દા ઉપર પહોંચી શકે છે.

**એન્જિનિયરિંગ બેકગ્રાઉન્ડ :** વર્ષ 2006માં આર્ટસ બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારો IASની પરીક્ષામાં 43%જેટલા પાસ થયેલા હતા. જ્યારે એન્જિનિરોની સંખ્યા 31% હતી તે વર્ષ 22-2022માં વધીને 65% થઈ જ્યારે આર્ટસ બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારોની સંખ્યા માત્ર 23% જ રહી. આમ એન્જિનિયરિંગ બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારોનો આઈએએસની પરીક્ષામાં સફળતાનો દર વધવા પામ્યો છે. નવાઈની વાત એ છે કે એન્જિનિયરિંગ કે ટેકનિકલ બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારો વૈકલ્પિક વિષય પાછો સોશિયોલોજી, એન્થ્રોપોલોજી, પબ્લિક એડમિનિસ્ટ્રેશન, હિસ્ટ્રી કે જ્યોગ્રાફી જેવા પૈકી કોઈ એક રાખે છે. જો કે કેટલાક નિષ્ણાતોના મતે સિવિલ સર્વિસ એટીટ્યુડ ટેસ્ટ ભલે qualifying પ્રકારની હોય પરંતુ ગણતરી અને તર્ક સંબંધિત પૂછાતા પ્રશ્નોમાં આવા ઉમેદવારો અન્ય નોન- ટેકનિકલ બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારોની સરખામણીએ આગળ નીકળી જાય છે.

**સફળતાની ટકાવારી :** સૌથી અગત્યની વાત એ છે કે આ પરીક્ષા સાપસીડીની રમત સમાન છે. સાપસીડીની રમતમાં આપણે છેક 98-99 ખાના સુધી પહોંચી જઈએ અને સાપ કરડે એટલે સીધા નીચે.!! એ જ રીતે IASની પરીક્ષામાં આપ એક વખત પ્રિલિમ્સ ક્લિયર કરો, મેન્સ પણ ક્લિયર કરો અને ઇન્ટરવ્યૂ સુધી પહોંચી જાવ અને તેમાં જો સફળ ન થાઓ તો ફરીથી પ્રિલિમ્સ આપવી પડે અને મેઈન્સ આપવી પડે. એવું જ જો પ્રિલીમ પાસ કરો અને મેન્સમાં નપાસ થાવ તો બીજા વર્ષે ફરીથી પ્રિલિમ્સ આપવી પડે. આ પરીક્ષા માટે દર વર્ષે 11 લાખથી વધુ અરજીઓ આવે છે. સિવિલ સર્વિસની પરીક્ષામાં છેલ્લે સાડા ત્રણ થી ચાર ટકા જેટલા ઉમેદવારો સફળતા મેળવે છે જ્યારે, આઈઆઈટી માટેની જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ (JEE)માં 16% થી 17% અને આઈઆઈએમ માટેની કોમન એડમિશન ટેસ્ટ (CAT)માં 17%થી 17.50 ટકા લોકોને સફળતા મળે છે.

**પાસ થવાનાં કુલ પ્રયત્નોની સંખ્યા :** સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોએ કેટલા પ્રયત્નો એ તે પાસ કરી તે જોઈએ તો મહત્ત્વ મહત્તમ ઉમેદવાર હોય ત્રણ પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત કરી છે અહીંયા ઉમેદવારની ધીરજની ખરી કસોટી થાય છે કારણ કે કેટલાક ઉમેદવાર હોય સાત કે આઠ પ્રયત્નો એ પણ પરીક્ષા પાસ કરી છે. અત્રે એવું કહેવાનો જરાય આશા નથી કે પહેલા પ્રયત્ને પાસ ન થવાય. આપણે જોઈએ છીએ કે ૧૦ થી ૧૧ ટકા લોકો પ્રથમ પ્રયત્ને આઈએએસની પરીક્ષામાં સફળ થયા છે. એટલે આપણે લક્ષ્ય તો ઊંચું જ રાખવાનું રહે.

**કઈ ઉંમર? :** સિવિલ સર્વિસીસની પરીક્ષામાં સફળતા મેળવનાર ઉમેદવારોની ઉંમરનો વિશ્લેષણ કરીએ તો જણાય છે કે મહત્તમ ઉમેદવારો 24 થી 28 વર્ષની ઉંમરમાં સફળ થયેલા જણાય છે મોટાભાગના લોકો 24 થી 28 દરમિયાન IAS પાસ કરવામાં સફળ થયા છે. તો આપણાથી ઘરે એવું ન કહેવાય કે હજી તો હું નાનો છું 21 થી 24 માં કઈ રીતે IAS પાસ કરું? કારણ કે 13.6 ટકા લોકોએ આ ઉંમરમાં પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરે છે.

UPSCની પ્રિલિમ પરીક્ષાના પેપર A, B, C અને D એમ ચાર સીરીઝ અને બે ભાષામાં છપાય છે. પેપરની ડાબી બાજુ અંગ્રેજીમાં પ્રશ્નો અને વિકલ્પો આપેલા હોય છે અને જમણી બાજુ હિન્દીમાં પ્રશ્નો અને વિકલ્પો હોય છે. ઉમેદવારને જે ભાષામાં અનુકૂળ આવે તે વાંચીને અને સમજીને દરેક ઉમેદવારને પૂરી પાડેલી અલગ આન્સર શીટમાં જવાબો ટીક કરી શકે છે.

**ગણતરીનો ગૂગલી (CSAT UPSC 2022)**

Q. 20, 10, 10, 15, 30, 75, X માં X=?

(1) 105 (2) 120 (3) 150 (4) 225

**ઉકેલ :** દરેક વખતે શ્રેણીના પદો વચ્ચેનો સંબંધ પૂર્ણાંકમાં ન પણ હોય. આપેલ શ્રેણીની પેટર્ન જોઈએ તો અહી પાછલા પદને 0.5, 1.0, 1.5, 2.0 અને 2.5 થી ગુણાકાર કરવાથી તે પછીનું પદ મળે છે. 20 Xx0.5 =10 x 1.0 = 10 x 1.5 = 15 x 2.0 = 30 x 2.5 = 75. તેથી હવે 75 x 3 = 225 જવાબ વિકલ્પ (4).

# ભારતમાં માઈક્રો ફાઈનાન્સ પદ્ધતિની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી હતી?

1 **પહેલો ટી-20 વર્લ્ડ કપ કયા દેશના યજમાનપણા હેઠળ યોજાયો હતો?**

અ. વેસ્ટ ઈન્ડિઝ બ. સાઉથ આફ્રિકા
ક. ઈંગ્લેન્ડ ડ. ઑસ્ટ્રેલિયા

2 **'બોલ્ટિંગ' કઈ રમત સાથે જોડાયેલો પારિભાષિક શબ્દ છે?**

અ. બિલિયર્ડ બ. બ્રિજ
ક. બાસ્કેટ બૉલ ડ. બેઝ બૉલ

3 **કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા કઈ ભાષાના સાહિત્યના ક્ષેત્રે યોગદાન માટે વાચસ્પતિ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે?**

અ. હિન્દી બ. ગુજરાતી
ક. મરાઠી ડ. સંસ્કૃત

4 **શહેરી વિસ્તારોમાં બાગાયતનો વ્યાપ વધારવા ગુજરાત સરકાર દ્વારા કઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે?**

અ. અર્બન ગ્રીન ક્લબ બ. અર્બન ગ્રીન મિશન
ક. અર્બન હોર્ટિકલ્ચર મિશન ડ. અર્બન હોર્ટિકલ્ચર ક્લબ

5 **ભારતમાં બ્લ્યુ રિવોલ્યુશનની શરૂઆત કયા નાણાપંચ દરમિયાન કરવામાં આવી હતી ?**

અ. છઠ્ઠા બ. આઠમા
ક. સાતમા ડ. નવમા

6 **કયા ક્રાંતિકારી દેશભક્ત ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં સંસ્કૃતના પ્રાધ્યાપક હતા?**

અ. સરદારસિંહ રાણા બ. દાદાભાઈ નવરોજી
ક. શ્યામજી કૃષ્ણ વર્મા ડ. શ્રી અરવિંદો

7 **ભક્ત કવિયત્રી ગંગાસતીનું વતન કયું હતું?**

અ. સમઢિયાળા બ. વેરાવળ
ક. તળાજા ડ. ચોરવાડ

8 **ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડની સ્થાપના ક્યારે થઈ હતી?**

અ. 1970 બ. 1971
ક. 1974 ડ. 1972

9 **ગુજરાતના કયા અર્થશાસ્ત્રી ભારત સરકારમાં નાણામંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે?**

અ. સનત મહેતા બ. ડૉ. એચ.એમ. પટેલ
ક. ડૉ. મોહનભાઈ પટેલ ડ. પ્રો. નીતિનભાઈ દેસાઈ

10 **પતકોઈની ગીરીમાળા ભારતના કયા રાજ્યમાં આવેલી છે?**

અ. મણીપુર બ. અરૂણાચલ પ્રદેશ
ક. અસમ ડ. મેઘાલય

11 **'સમતાઘાટ' કોની સમાધી છે?**

અ. બાબુ જગજીવનરામ બ. સત્યનારાયણ સિંહા
ક. જ્યોતિ બસુ ડ. ચૌધરી ચરણસિંઘ

12 **કઈ સમિતિની ભલામણોના આધારે ISROની સ્થાપના કરવામાં આવી હતી?**

અ. ISROEC બ. INDOSTAR
ક. ISROSEPT ડ. INCOSPAR

13 **'હાર્ટ ઑફ એશિયા-ઈસ્તંબુલ પ્રોસેસ' કોન્ફરન્સ ભારતમાં કયા વર્ષમાં યોજાઈ હતી?**

અ. 2016 બ. 2019
ક. 2014 ડ. 2011

14 **વિદ્યાગૌરી નિલકંઠ પછી સ્નાતક થનાર બીજા ગુજરાતી મહિલા કોણ હતા?**

અ. હંસા મહેતા બ. ધીરૂ પટેલ
ક. શારદા મહેતા ડ. વિનોદીની નિલકંઠ

15 **ભારતમાં માઈક્રો ફાઈનાન્સ પદ્ધતિની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી હતી?**

અ. ડૉ.મનમોહનસિંઘ બ. ઈલાબેન ભટ્ટ
ક. કુમુદીનીબહેન લાખીયા ડ. મહંમદ યુનુસ

16 **કયો શાસક દિલરૂખી ઉપનામથી કવિતાઓ લખતો હતો?**

અ. શાહઆલમ બ. સિકંદર લોદી
ક. મહંમદ ઘોરી ડ. દારા શિકોહ

17 **મૌર્યવંશનો અંતિમ શાસક કોણ હતો?**

અ. બૃહદ્રથ બ. પુષ્યમિત્ર શૃંગ
ક. દેવવર્મન ડ. શતધનુષ

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

- કૌશિક ગજ્જર

Email : rojsam15@gmail.com

18 **ભારતના કયા એકમાત્ર વાઈસરોયની હત્યા તેના કાર્યકાળમાં કરવામાં આવી હતી?**

અ. લોર્ડ ઈરવીન બ. લોર્ડ કેનિંગ
ક. લોર્ડ કર્ઝન ડ. લોર્ડ મેયો

19 **પાદલિપ્તપુર કયા શહેરનું પ્રાચીન નામ છે?**

અ. પ્રભાસ પાટણ બ. પાટલીપુત્ર
ક. પાલીતાણા ડ. પેટલાદ

20 **વર્ષ 2012માં અર્જૂન એવોર્ડ મેળવનાર દિપીકા પલ્લીકેલ કઈ રમત સાથે સંકળાયેલા છે?**

અ. સ્કવૉશ બ. બેડમિન્ટન
ક. ફેન્સિંગ ડ. બ્રીજ

21 **એન્ટાર્કટીકામાં આવેલી વિશ્વની સૌથી મોટી હિમ નદીનું નામ શું છે?**

અ. વટનાજોકલ બ. લેમ્બર્ટ
ક. થર્સ્ટન ડ. ટાકુ ઈન્લેટ

22 **'હું પોતે જ રાજ્ય છું' કોનું વિધાન છે?**

અ. લુઈ-14 બ. જુલીયસ સીઝર
ક. બેનિટો મુસોલીની ડ. સદ્દામ હુસૈન

23 **મયૂરાક્ષી કેનાલ પ્રોજેક્ટ કયા રાજ્યમાં આવેલો છે?**

અ. ઝારખંડ બ. બિહાર
ક. પશ્ચિમ બંગાળ ડ. કર્ણાટક

24 **પ્રધાનમંત્રીશ્રીએ તાજેતરમાં ગુજરાતના પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટનું લોકાર્પણ રાજકોટના કયા ગામ નજીક કર્યું?**

અ. જસદણ બ. ભક્તિનગર
ક. વિંછીયા ડ. હિરાસર

25 **તાજેતરમાં રાજ્યસભાની અધ્યક્ષતા કરનાર નાગાલેન્ડના પ્રથમ મહિલા સભ્ય કોણ બન્યા?**

અ. ફાંગનોન કોન્યાક બ. વાંગ્યુહ કોન્યાક
ક. હેકાની જાખાલુ ડ. એસ. ફ્રુસે

26 **ભારત દ્વારા વિયેતનામને કયું મિસાઈલ કોર્વેટભેટમાં આપવામાં આવ્યું?**

અ. INS Khukri બ. INS Kirpan
ક. INS Karmuk ડ. INS Kulish

27 **BRICS ગૃપમાં જોડાવા હાલમાં કયા દેશ દ્વારા અરજી કરવામાં આવી?**

અ. આર્મેનિયા બ. અલ્જેરીયા
ક. અઝરબૈજાન ડ. આર્જેન્ટીના

28 **ભારતીય તટરક્ષક દળના મહાનિર્દેશક (ડાયરેક્ટર જનરલ) કોણ છે?**

અ. ક્રિષ્નસ્વામી નટરાજન બ. વી.એસ. પઠાનિયા
ક. ડી.જી. રાકેશ પાલ ડ. અતુલ આનંદ

29 **તાજેતરમાં બેડમિન્ટનના કયા ખેલાડીએ સૌથી ઝડપી સ્મેશ ફટકારી ગીનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું?**

અ. તાન બુન હિયોન્ગ બ. ચિરાગ શેટ્ટી
ક. સુપાક જોમ્કોહ ડ. સ્વસ્તિકસાંઈરાજ રેન્કિરેડ્ડી

30 **ભારત અને મોંગોલીયા વચ્ચે થયેલી સંયુક્ત લશ્કરી કવાયતને શું નામ આપવામાં આવ્યું હતું?**

અ. Nomadic Elephant-2023
બ. IMBAX-2023
ક. JIMAX-2023
ડ. Hand in Hand-2023

**જવાબ:**

**(1-બ) (2-અ) (3-ડ) (4-બ) (5-ક) (6-ક) (7-અ) (8-ડ) (9-બ) (10-ક)(11-અ) (12-ડ) (13-અ) (14-ક) (15-બ) (16-બ) (17-અ) (18-ડ) (19-ક) (20-અ) (21-બ) (22-અ) (23-ક) (24-ડ) (25-અ) (26-બ) (27-બ) (28-ક) (29-ડ) (30-અ)**

**સ્વાધ્યાય :**

1) **વૈશ્વિક ધોરણે ભારતનું વધતું મહત્ત્વ (૧૫૦ શબ્દો)**
2) **ગુજરાતની આદિજાતિ સંસ્કૃતિની વિશેષતા (૨૦૦ શબ્દો)**

(ઉપરોક્ત વિષય અંગે આપના અભિપ્રાય ૧૫૦ થી ૨૦૦ શબ્દોની મર્યાદામાં તંત્રીશ્રી, ગુજરાત રોજગાર સમાચાર કાર્યાલય, પ્રકાશન શાખા, બ્લોક નંબર 19 ભોંયતળિયે ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામે અથવા rojsam15@gmail.com પર મોકલી આપવા વિનંતી. આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે.)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વિ | દ્યા | દિ | પ | ના | વિ | તે | લા | દિ | ન |
| મ | ર | જુ | થિ | ઘે | રા | જ | ઠી | ના | ગ |
| લ | જ્જા | ગ | ક | ર | મ | સ | દ | રા | દ |
| મં | પ્રી | ત | મ | દા | સ | બા | ળ | ય | આં |
| ત્રી | શો | રા | હે | જ | ન | ક | લ્યા | ણ | ગ |
| અ | ધ | મ | તા | ન | ગા | રે | દૂ | દે | ળિ |
| ન | ર્મ | દ | રા | મ | લી | ઋ | ધ | સા | યા |
| ડિ | ધ | વે | ઈ | ટી | ના | અ | સા | ઈ | ત |
| યા | રા | જ | પી | પ | ળા | શ્રુ | ગ | આ | મ |
| દ | સ | ધ્વ | જ | વ | ધુ | વા | ર | ણ | સ |

**પ્રશ્નો :**

1. શાળાએ જતા બાળકને વીમાકવચ પુરૂં પાડતી રાજ્ય સરકારની યોજનાનું નામ શું છે?
2. આબુમાં ભગવાન આદિનાથનું આરસ મંદિર કોણે બંધાવ્યું હતું?
3. ટેબલ ટેનિસના ગુજરાતના નંબર 1 આંતરરાષ્ટ્રીય ખેલાડી કોણ છે?
4. હરિનો મારગ છે શૂરાનો... કયા કવિની રચના છે?
5. ગુજરાતના પ્રથમ ચેસ ગ્રાન્ડમાસ્ટર તરીકેની સિદ્ધિ કોના નામે છે?
6. આદિવાસી સમાજના ઉત્થાન માટે દક્ષિણ ગુજરાતના વેડછી ખાતે આશ્રમ શાળા કોણે સ્થાપી હતી?
7. સરદાર વલ્લભભાઈ પટેલનું વતન કયું હતું?
8. ઉનાથી ચોરવાડ સુધીનો વિસ્તાર કયા નામે ઓળખાય છે?
9. ગુજરાતી ભાષાની સૌપ્રથમ આત્મકથા લખનાર કોણ હતું?
10. સંત પુનિત મહારાજે શરૂ કરેલું કયું માસિક આજે પણ પ્રખ્યાત છે?
11. મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબના લેખક કોણ હતા?
12. ઈશ્વર પેટલીકરની વર્ષ ૧૯૪૪માં પ્રકાશિત સૌપ્રથમ નવલકથા કઈ છે?
13. ગુજરાતની પ્રસિદ્ધ લોકકળા ભવાઈના પ્રણેતા કોણ હતા?
14. સંતરામ મહારાજનું પ્રખ્યાત મંદિર ક્યાં આવેલું છે?
15. જોસેફ મેકવાનની પ્રસિદ્ધ નવલકથા જેને વર્ષ 1989માં સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો હતો?
16. અફઘાનિસ્તાનની સંસદ કયા નામે ઓળખાય છે?
17. ગુજરાતમાં એક હજાર બારીઓવાળો મહેલ ક્યાં આવેલો છે?
18. ગુજરાતમાં સૌપ્રથમ ગ્રામીણ પ્રસારણની શરૂઆત કયા સ્થળેથી કરવામાં આવી હતી?
19. મહેસાણા જિલ્લામાં કઈ ડેરી આવેલી છે?
20. ગુજરાતનું સૌથી મોટું થર્મલ પાવર સ્ટેશન ક્યાં આવેલું છે?

જવાબ :
1. વિદ્યાદીપ, 2. વિમલ મંત્રી, 3. પથિક મહેતા, 4. પ્રીતમ દાસ, 5. તેજસ બાકરે, 6. જુગતરામ દવે, 7. કરમસદ, 8. નાઘેર, 9. નર્મદ, 10. જનકલ્યાણ, 11. નારાયણ દેસાઈ, 12. જનમટીપ, 13. અસાઈત, 14. નડીયાદ, 15. આંગળીયાત, 16. શોરા, 17. રાજપીપળા, 18. પીજ, 19. દૂધસાગર, 20. ધુવારણ

# પ્રસાર ભારતી
# (ભારતીય લોક સેવા પ્રચારક)

| ક્રમ | હોદ્દો | સંખ્યા |
|---|---|---|
| ૧. | એન્કર - કમ - કોરસપોન્ડન્ટ ગ્રેડ - ii | ૨ |
| ૨. | સહાયક સંયોજક | ૧ |
| ૩. | વીડિયો પોસ્ટ પ્રોડકશન આસિસ્ટન્ટ | ૪ |
| ૪. | એન્કર - કમ - કોરસપોન્ડન્ટ ગ્રેડ -iii | ૨ |
| ૫. | બ્રોડકાસ્ટ એક્ઝિક્યુટીવ | ૩ |
| ૬. | પેકેજિંગ આસિસટન્ટ | ૨ |
| ૭. | કન્ટેન્ટ એક્ઝિક્યુટીવ | ૨ |
| ૮. | કોપી એડિટર | ૨ |
| ૯. | વીડિયોગ્રાફર | ૨ |
| ૧૦. | બુલેટિન સંપાદક | ૨ |

શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ, અનુભવ, પાત્રતા માપદંડ, ઉંમર, ફરજનો પ્રકાર, કાર્યસ્થળ વગેરે વિસ્તારપૂર્વક જાણવા માટે http://applications.prasarbharati.org પર જઈ તમામ વિગતો પ્રાપ્ત કરી શકાશે.

**અંતિમ તારીખ : તા.૨૭.૦૭.૨૦૨૩ થી ૧૦ દિવસની અંદર**

# BANK NOTE PRESS, DEWAS (MP)

(A Unit of Security Printing & Minting Corporation of India Limited)
Mini-Ratna Category-I CPSE
(Wholly owned by Government of India)

Bank Note Press, Dewas (M.P.) invites online applications from Indian citizens for filling up the various post as per details given below :

| Post Code | Name of the post | IDA Pay-scale | Level | Upper Age Limit upto | No. of Posts |
|---|---|---|---|---|---|
| 1 | Supervisor (Printing) | Rs.27600-95910/- | S-1 | 30 years | 08 |
| 2 | Supervisor (Control) | Rs.27600-95910/- | S-1 | 30 years | 03 |
| 3 | Supervisor (Information Technology) | Rs.27600-95910/- | S-1 | 30 years | 01 |
| 4 | Junior Office Assistant | Rs.21540-77160/- | B-3 | 28 years | 04 |
| 5 | Junior Technician (Printing) | Rs.18780-67390/- | W-1 | 25 years | 27 |
| 6 | Junior Technician (Control) | Rs.18780-67390/- | W-1 | 25 years | 45 |
| 7 | Junior Technician (Ink factory-Attendant Operator (Chemical Plant)/ Laboratory Assistant (Chemical Plant)/ Machinist/Machinist Grinder/ Instrument Mechanic) | Rs.18780-67390/- | W-1 | 25 years | 15 |
| 8 | Junior Technician (Mechanical / Air Conditioning) | Rs.18780-67390/- | W-1 | 25 years | 03 |
| 9 | Junior Technician (Electrical / Information Technology) | Rs.18780-67390/- | W-1 | 25 years | 04 |
| 10 | Junior Technician (Civil/Environment) | Rs.18780-67390/- | W-1 | 25 years | 01 |
| | | | | TOTAL:- | 111 |

| IMPORTANT DATES | |
|---|---|
| Opening of website link for Online Application and Payment of fees in online mode | From 22.07.2023 to 21.08.2023 |
| Closing date for receipt of applications | 21.08.2023 (upto 23:59 hrs) |
| Tentative date of Online examination at selected centres | Sept./Oct.-2023 |

**Note:** For complete details including qualifications, reservation, relaxation in upper age limit, examination fee, selection process, how to apply online, general information & instructions and other details, please visit our website **https://bnpdewas.spmcil.com.**

## राष्ट्रीय औषधीय शिक्षा एवं अनुसंधान संस्थान (नाईपर)
## NATIONAL INSTITUTE OF PHARMACEUTICAL EDUCATION & RESEARCH (NIPER)

(Department of Pharmaceuticals, Ministry of Chemicals & Fertilizers)
Sector - 67, S.A.S. NAGAR (MOHALI) - 160062, Punjab
www.niper.gov.in Ph: 0172-2292000, 2214682-83 & 2214688

### RECRUITMENT NOTICE FOR TEACHING POSITIONS

The National Institute of Pharmaceutical Education & Research (NIPER), SAS Nagar (Mohali) is an autonomous Institute of National importance set up by the Government of India, Ministry of Chemicals & Fertilizers by an Act of Parliament, to impart higher education and undertake advanced research in the field of Pharmaceutical sciences, technology and management.

Applications are invited from the eligible candidates for the following vacant posts on direct recruitment basis as under:

| Group | Name of the post | Discipline | No. of vacancies | Cat. | Maximum Age (as on the last date of Advertisement) | Pay Matrix Level as per 7th CPC |
|---|---|---|---|---|---|---|
| A | Professor | Pharmaceutical Technology – Formulations | 01 | OBC | 50 years | Level-14A (Academic Pay Level) Rs. 1,59,100-2,20,200/- |
| | | Pharmaceutical Technology-Bio-technology | 01 | UR | | |
| | | Bio-technology | 01 | UR | | |
| A | Assistant Professor | Pharmaceutical Management | 01 | UR | 45 years | Level-12A (Academic Pay Level) Rs.1,01,500-1,67,400/- |

Applicants are requested to read the instructions carefully before applying. For detailed description of educational qualification, experience, other eligibility criteria and general information, please visit Institute website www.niper.gov.in/jobs.html.

Last date for submission of application form is **07-08-2023 (Monday)** i.e. 30 days from the date of publication in Employment News. Duly filled in application form is required to be submitted through speed post/registered post/courier/by hand on or before the last date of submission of application.

## National Institute of Pharmaceutical Education and Research, Raebareli

Department of Pharmaceuticals, Ministry of Chemicals and Fertilizers
Govt. of India
Bijnor-Sisendi Road, Sarojini Nagar,
Near CRPF Base Camp, Lucknow (U.P.)- 226002

NIPER-Raebareli Invites online Application for the following regular positions of faculty and non-faculty posts on direct recruitment basis :

| Post Code | Name of the Post | Vacancies | Max. Age | Pay Lavel (As per 7th CPC) |
|---|---|---|---|---|
| **Faculty (Advt. No. NIPER-R/ 2023-24 Recruitment/Faculty/III Dated- 7th July, 2023)** | | | | |
| T-001 | Professor **(Pharmaceutical Analysis)** | 1 (UR) | 50Yrs. | 14 |
| T-002 | Assistant Professor **(AI/ML & Data Analytics)** | 1 (UR) | 40Yrs. | 12 |
| **Non-Faculty (Advt. No. NIPER-R/ 2023-24 Recruitment/Non-Faculty/IV Dated- 7th July, 2023)** | | | | |
| NT-001 | Estate & Security Officer **(Administration)** | 1 (UR) | 45Yrs. | 10 |
| NT-002 | Assistant Grade-I **(Administration)** | 1 (UR) | 35Yrs. | 06 |
| NT-003 | Junior Hindi Translator **(Administration)** | 1 (UR) | 35Yrs. | 06 |
| NT-004 | Junior Technical Assistant **(Technical)** | 1 (UR) | 27Yrs. | 04 |

For details regarding eligibility conditions, Submission of Online application and other instructions, please download the detailed advertisement from institute website http://niperraebareli.edu.in/.

**Important Dates**

Website Link open for Online application from **07 July, 2023** at **11 A.M.** To **21 August, 2023** upto **6 P.M.**

(અનુસંધાન પાના નંબર ૮ ઉપરનું ચાલુ)

## QUALIFICATION & EXPERIENCE

| Post Code | Name of post | Educational Qualification & Experience# |
|---|---|---|
| 01 | Jr. Assistant (Office) | Graduate |
| 02 | Sr. Assistant (Accounts) | Graduate preferably B.Com |
| | | 2 years' relevant experience in the field of preparation of Financial Statements, taxation (direct & indirect) , audit and other Finance and Accounts related field experience. |
| 03 | Junior Executive (Common Cadre) | Any graduate |
| 04 | Junior Executive (Finance) | B.Com with ICWA/CA/MBA (2 years' duration) with specialization in Finance. |
| 05 | Junior Executive (Fire Services) | Bachelor's Degree in Engineering. /Tech. in Fire Engg./Mechanical Engg./Automobile Engg. |
| 06 | Junior Executive (Law) | Professional degree in Law (3 years' regular course after graduation OR 5 years' integrated regular course after 10+2) and candidate should be eligible to get himself enrolled as an Advocate in Bar Council of India to do practice in courts in India |

# Only post-qualification experience will be considered i.e. experience gained after acquiring the minimum educationa qualification required for the post.

## IMPORTANT DATES

| EVENT | DATE |
|---|---|
| Opening date for On-line Applications | **05.08.2023** |
| Last date for On-line Application | **04.09.2023** |
| Tentative Date of On-line Examination | Will be announced on AAI Website-www.aai.aero |

## HOW TO APPLY:

(i) Before applying for the post, the candidate should ensure that he/she fulfils the eligibility and other norms mentioned in the Advertisement. Furnishing of wrong/false information will be a disqualification and AAI will not be responsible for any consequence of furnishing of such wrong/false information.

(ii) Candidates are advised to read the following instructions carefully before applying on-line and also all the instructions given on main instruction page of the on-line application:

a) Candidates are required to apply On-line through the link available on www.aai.aero under tab "CAREERS". No other means/mode of submission of applications will be accepted under any circumstances.
b) Incomplete application will be summarily rejected.
c) Candidates should have a valid personal E-mail ID and Mobile Number. It should be kept active during the currency of this recruitment process. The candidates are requested to check regularly their E-mail/AAI's website for any communication from AAI.
d) Before starting to fill up the on-line application, the candidates should keep at hand the following details/documents/information:-

1. Valid E-mail id: The E-mail id entered in the online application form should remain active until the recruitment process is completed. No change in E-mail id will be allowed once registered. All correspondence regarding this recruitment shall be made on the registered E-mail id/AAI website, including intimation to download Admit Card for Online examination and Call Letter for Application Verification, if shortlisted.
2. Scanned (digital) image of his/her photograph, signature, left thumb impression and the hand written declaration as per the specifications given below, for uploading in the application form.
3. All relevant documents/details relating to eligibility criteria viz Educational Qualification, Caste Certificate [SC/ST/OBC(NCL)], EWS Certificate, Experience Certificate, Disability Certificate, Discharge Certificate in case of Ex-Servicemen, Apprentice Certificate from AAI etc.
4. Details/ documents to make Online Payment of the requisite application fee/ intimation charges.

e) Candidates are advised not to respond to unscrupulous advertisements appearing in any newspaper/websites/mobile apps etc. For authenticity of the any information, candidates may visit detailed advertisement available on AAI website www.aai.aero only.

# AIRPORTS AUTHORITY OF INDIA : NEW DELHI

## RECRUITMENT OF JUNIOR ASSISTANTS, SENIOR ASSISTANTS AND JUNIOR EXECUTIVES IN VARIOUS DISCIPLINES IN AIRPORTS AUTHORITY OF INDIA

Airports Authority of India (AAI), a Government of India Public Sector Enterprise, constituted by an Act of Parliament, is entrusted with the responsibility of creating, upgrading, maintaining and managing civil aviation infrastructure both on the ground and air space in the country. AAI has been conferred with the Mini Ratna Category-1 Status. Airports Authority of India invites applications from eligible candidates to apply ON-LINE through AAI's Website www.aai.aero for the following posts. No application through any other mode will be accepted.

| Post Code | Name of Post | Number of vacancies and reservation | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Total | UR | EWS | OBC (NCL) | SC | ST | (Included vacancies) | | | | |
| | | | | | | | | PwBD | | | | ExSM |
| | | | | | | | | (A) | (B) | (C) | (D & E) | |
| 01 | Jr. Assistant (Office) | **09** | 06 | 00 | 02 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 01 |
| 02 | Sr. Assistant (Accounts) | **09** | 06 | 00 | 02 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 01 |
| 03 | Junior Executive (Common Cadre) | **237** | 99 | 23 | 63 | 35 | 17 | 05 | 05 | 02 | 05 | 00 |
| 04 | Junior Executive (Finance) | **66** | 30 | 06 | 17 | 09 | 04 | 03 | 02 | 00 | 01 | 00 |
| 05 | Junior Executive (Fire Services) | **03** | 03 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 06 | Junior Executive (Law) | **18** | 10 | 01 | 04 | 02 | 01 | 02 | 00 | 01 | 00 | 00 |

***The number of vacancies is tentative and may increase or decrease at sole discretion of AAI.***

Abbreviations used: UR= Unreserved, EWS= Economically Weaker Section, OBC(NCL)= Other Backward Classes (Non-Creamy Layer), SC= Scheduled Caste, ST= Scheduled Tribe, PwBD= Persons with Benchmark Disability, ExSM= Ex-servicemen
PwBD Category (A), (B), (C), (D) & (E): Please refer Suitable categories of Benchmark Disabilities against respective post code

## POSTS IDENTIFIED SUITABLE FOR PERSONS WITH BENCHMARK DISABILITY (PwBD)

| Post Code | Functional Requirements | Suitable categories of Benchmark Disabilities | | | | |
|---|---|---|---|---|---|---|
| | | A | B | C | D | E |
| 01 | S, ST, W, MF, RW, SE, C, BN, H | B, LV | D, HH | LC, Dw, AAV, OA, OL, BL, OAL, BA, CP, MDy, SD/SI without any associated neurological/limb dysfunction<br>*(SD/SI with associated neurological/limb dysfunction shall be covered under respective category of OA, OL, BL, OAL, BA)* | ASD (M, MoD), SLD, MI | MD involving categories (A) to (D) |
| 02 | S, ST, W, BN, RW, SE, H, C, MF | B, LV | D, HH | OA, OL, BL, OAL, BA, CP, LC, Dw, AAV, SD/SI without any associated neurological/limb dysfunction<br>*(SD/SI with associated neurological/limb dysfunction shall be covered under respective category of OA, OL, BL, OAL, BA)* | ASD (M, MoD), SLD, MI | MD involving categories (A) to (D) |
| 03 | S, ST, W, BN, RW, SE, H, C, MF | B, LV | D, HH | OA, OL, BL, OAL, BA, CP, LC, Dw, AAV, SD/SI without any associated neurological/limb dysfunction<br>*(SD/SI with associated neurological/limb dysfunction shall be covered under respective category of OA, OL, BL, OAL, BA)* | ASD (M, MoD), SLD, MI | MD involving categories (A) to (D) |
| 04 | S, ST, W, BN, RW, SE, H, C, MF | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy, SD/SI without any associated neurological/limb dysfunction<br>*(SD/SI with associated neurological/limb dysfunction shall be covered under respective category of OA, BA, OL, BL, OAL)* | - | MD involving categories (A) to (C) |
| 05 | Not Applicable | | | | | |
| 06 | S, ST, W, BN, RW, SE, H, C, MF | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, SD/SI without any associated neurological/limb dysfunction<br>*(SD/SI with associated neurological/limb dysfunction shall be covered under respective category of OA, BA, OL, BL, OAL)* | ASD, SLD, MI | MD involving categories (A) to (D) |

(અનુસંધાન પાના નંબર-૭ ઉપર)

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત